# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ

# વાર્ષિક પરીક્ષા

## નમૂનાનું પ્રશ્નપત્ર

DOWNLOAD PDF

aglasem.com

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## (13) ગુજરાતી (SL)

ધોરણ-10 **પ્રશ્નબેંક-4** aglasem.com

---

પ્રકરણ : 13 ક્યાં રે વાગી – પદ્ય

પ્રકરણ : 14 જેઠીબાઈ – ગદ્ય

પ્રકરણ : 15 તે બેસે અહીં – પદ્ય

પ્રકરણ : 18 લઘુ કાવ્યો

વ્યાકરણ : એકમ : 4, 5

લેખન કૌશલ્ય :- વાર્તાલેખન

- નીચે આપેલી પ્રશ્નબેંકમાંથી સૂચના મુજબ કુલ 25 ગુણની કસોટી તૈયાર કરી શાળાએ પોતાની રીતે કસોટી લેવાની રહેશે.

## વિભાગ – A

- નીચેનામાંથી એક વાક્યમાં ઉત્તર લખો. (કોઈપણ આઠ પ્રશ્નની પસંદગી કરવી.) [08]

(1) કયા પ્રકારના કાવ્યમાં કવિનું સર્જન હોતું નથી ?

(2) કયા સાહિત્યકારની જન્મ – મૃત્યુ તારીખ એક જ છે ?

(3) 'તે બેસે અહીં' કૃતિમાં શેની રજૂઆત કરી છે ?

(4) દુહાનું સ્વરૂપ કેટલી લીટીનું હોય છે ?

(5) કઠણ સ્થિતિમાં પણ નહિ હારવાનો ભાવ કયા કવિએ પ્રગટ કર્યો છે ?

(6) હાઈકુ કયા દેશનો કાવ્ય પ્રકાર છે ?

(7) હાઈકુમાં કુલ કેટલા અક્ષર હોય છે ?

(8) મધરાતની જી રે, .....................ક્યાં રે વાગી. (કાવ્ય પંક્તિમાં ખૂટતો શબ્દ મૂકો)

(9) કાનાની મોરલીએ કોણ ઘેલું બન્યું ?

(10) જેઠીમાનું રૂપ આજે તો ................જેવું બની ગયું હતું.

(11) જેઠીમાની સામે ..................ની હઠાગ્રહી સરકાર હતી.

(12) જેઠીમાએ છાપેલી અરજીની ઓઢણીને શાની થેલીમાં મૂકી ?



docs.aglasem.com

aglasem.com

(13) સ્નેહી પરમાર કયા પ્રકારના દાનને ઉત્તમ ગણાવે છે ?

(14) કવિએ સભામાં બેસવા માટેની લાયકાત કઈ ગણાવી છે ?

(15) કેવો માણસ કદી ફૂલાતો નથી ?

(16) કડવા લીમડાની છાયા કેવી હોય છે ?

(17) તળાવને કોણ જગાડે છે ?

(18) પંખીએ માણસ સામે જોઈને શું કર્યું ?

(19) મોરલીના ઘેરા ગૂઢ નાદથી ગોપી કેવી બની જાય છે ?

(20) જેઠીબાઈની ઓઢણી કયા નામથી વિખ્યાત બની ?

(21) 'તે બેસે અહીં' ગઝલ કયા કાવ્ય સંગ્રહમાંથી લેવામાં આવી છે ?

(22) માણસ પિંજરાનું બારણું ખોલી પક્ષીને શું કહે છે ?

(23) જેઠીબાઈ ક્યાંનાં વતની હતા ?

(24) કાનજીના દીકરાનું નામ જણાવો.

(25) જેઠીબાઈના પતિનું નામ જણાવો.

# વિભાગ – B

- **નીચેના પ્રશ્નોના માગ્ય પ્રમાણે ઉત્તર આપો : (ગમે તે 2 પ્રશ્ન પૂછવાના રહેશે)** [04]

**(1) નીચે આપેલ જોડકામાં કૃતિને યોગ્ય કર્તા સાથે જોડો :**

| **કૃતિ** | | **કર્તા** |
|---|---|---|
| (1) જેઠીબાઈ | (ક) | સ્નેહી પરમાર |
| (2) તે બેસે અહીં | (ખ) | દુલેરાય કારાણી |

**(2) નીચે આપેલ જોડકામાં કૃતિને યોગ્ય પ્રકાર સાથે જોડો :**

| **કૃતિ** | | **પ્રકાર** |
|---|---|---|
| (1) જેઠીબાઈ | (ક) | ગઝલ |
| (2) તે બેસે અહીં | (ખ) | લોકકથા |

**(3) આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો :**

(1) 'ક્યાં રે વાગી' કાવ્યમાં મોરલીના સાદની ગોપીઓના મન પર કેવી આસર થાય છે ?

(2) જેઠીબાઈના કારખાનાનો માલ કયા-કયા દેશમાં જતો હતો ?

(3) દાનનો મહિમા કવિ કયા ઉદાહરણ દ્વારા સમજાવે છે ?

(4) કવિ મૃત્યુ સાથે કેવો સંઘર્ષ કરવા માગે છે ?

(5) 'પૂર્ણ ઘડા' દ્વારા કવિ શું કહેવા માગે છે ?



docs.aglasem.com
aglasem.com

(6) 'લીલ ઓઢીને પોઢ્યું તળાવ, જાગ્યું પંખીની ચાંચે' – પંક્તિ સમજાવો.

## વિભાગ – C

- **માગ્યા મુજબ ઉત્તર આપો : (દરેકનો એક ગુણ રહેશે.)** **[09]**

* આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ આઠ પ્રશ્નો પસંદ કરવા.

(1) કૃષ્ણ મોરલી વગાડે છે – કર્મણિ વાક્ય રચનામાં ફેરવો.

(2) અમે ના કહીએ ? – કર્મણિ વાક્ય રચનામાં ફેરવો.

(3) મેં તરસ્યાને પાણી પાયું. – કર્મણિ વાક્ય રચનામાં ફેરવો.

(4) ધીરજકાકાએ પાટલીનો છેડો ધૂંટણ ઉપર લીધો. – કર્મણિ વાક્ય રચનામાં ફેરવો.

(5) મેં નિબંધ લખ્યો. – પ્રેરક વાક્ય રચનામાં ફેરવો.

(6) દરેક સભ્યએ એક રૂપિયો આપ્યો. – પ્રેરક વાક્ય રચનામાં ફેરવો.

(7) સકીના પકવાન જમતી. – પ્રેરક વાક્ય રચનામાં ફેરવો.

(8) બલાઈએ તેની કાકીને પત્ર લખ્યો. – પ્રેરક વાક્ય રચનામાં ફેરવો.

(9) તમે વડીલો સામે ઊંચા અવાજે ન બોલો. – ભાવે વાક્ય રચનામાં ફેરવો.

(10) કોશા કુટુંબથી દૂર નહિ રહે. – ભાવે વાક્ય રચનામાં ફેરવો.

(11) મીરથી તો હજી સગડ મેલાતો નથી. – કર્તરિ વાક્ય રચનામાં ફેરવો.

(12) જેનાથી હાથ વચ્ચે નામ ઘૂંટાયું હોય તેનાથી અહીં બેસાય. – કર્તરિ વાક્ય રચનામાં ફેરવો.

(13) બાળકોએ બગીચામાં ફૂલ તોડવું નહીં. – આપેલ વાક્યમાંથી સકર્મક ધાતુ શોધો.

(14) જંગલમાં જંગલી પ્રાણીઓથી ડરવું જોઈએ. – આપેલ વાક્યમાંથી અકર્મક ધાતુ શોધો.

(15) <u>આછું</u> વાદળી રંગ મને ખૂબ ગમે છે. – રેખાંકિત વિશેષણનો પ્રકાર લખો.

(16) આપણું ગુજરાત ખૂબ સમૃદ્ધ છે. – આપેલ વાક્યમાંથી સાર્વનામિક વિશેષણ શોધો.

(17) કાન્તિએ પાત્રીસ વર્ષ પૂરા કર્યા હતા – વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર લખો.

(18) નયન માતા-પિતા સામે વધારે બોલવા લાગ્યો. – વાક્યમાંથી વિશેષણ શોધી તેનો પ્રકાર લખો.

(19) સંત મનસ્વી હતો. – આપેલ વાક્યમાં અવિકારી વિશેષણ શોધો.

(20) કચ્છમાં મોટું રણ આવેલું છે. – આપેલ વાક્યમાંથી વિકારી વિશેષણ શોધો.



docs.aglasem.com

aglasem.com

## વિભાગ – D (લેખન સજ્જતા)

- **મુદ્દા આધારિત કોઈ એક વાર્તાલેખન કરો : (ગમે તે એક પ્રશ્નની પસંદગી કરવી.)** [04]

(1) એક શિલ્પી – મૃત્યુની આગાહી – પોતાના જ જેવા છ પૂતળા બનાવવાં – યમદૂતનું આગમન - મૂંઝવણ – યુક્તિ, 'હા, ભૂલ મળી ગઈ.' – શિલ્પીનો પ્રશ્ન, 'કઈ ભૂલ ?' – 'બસ આજ ભૂલ' – શિલ્પી પકડાઈ જવો – બોધ.

(2) દૂધવાળો દૂધ વેચવા જાય છે – રસ્તામાં નદી – દૂધના ઘડામાં પાણી મેળવે છે – નફો કમાઈ પાછો વળે છે – નદીમાં પાણી પીવા જાય છે – અડધા પૈસા પાણીમાં પડીને તણાઈ જાય છે – અફસોસ – બોધ.

(3) એક ખેડૂત – ચાર દીકરા – ચારેય દીકરા આળસુ – ખેડૂતને ચિંતા – ખેડૂતની માંદગી – ચારેય દીકરાઓને બોલાવવા – 'ખેતરમાં રૂપિયા ભરેલા ચરુ છે' એમ કહેવું – અવસાન – દીકરાઓએ ખેતર ખોદી કાઢ્યું – રૂપિયા ના મળવા - બી વાવવા – સારો પાક થવો – શિખામણ.



docs.aglasem.com
aglasem.com

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## ડિસેમ્બર – 2022 પ્રશ્નબેંક આધારિત મૂલ્યાંકન પ્રક્રિયા માટેની અગત્યની સૂચનાઓ

## ધો.09 અને ધો.10 – ગુજરાતી (F.L./S.L.), સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન, ગણિતની પ્રશ્નબેંક આધારે 25 ગુણનું પ્રશ્નપત્ર તૈયાર કરવા માટેની સૂચનાઓ

(A) ધોરણ-09 અને ધોરણ-10ની મૂલ્યાંકન પ્રક્રિયા માટેના પ્રશ્નપત્રનું સ્વરૂપ

→ **વિભાગ – A** – એક ગુણના 05 (પાંચ) પ્રશ્નો પસંદ કરી વિભાગ – A તૈયાર કરવો. પ્રશ્નબેંકમાં આપેલ વિભાગ – A ના પ્રશ્નોમાંથી કોઇપણ પાંચ પ્રશ્નો પસંદ કરી પ્રશ્નપત્રનો વિભાગ – A તૈયાર કરવાનો રહેશે. આમ, કુલે 05 પ્રશ્નો – પ્રત્યેકના એક ગુણ (વિભાગ – A પાંચ પ્રશ્નો - પાંચ ગુણ)

→ **વિભાગ – B** – બે ગુણના પાંચ પ્રશ્નો પસંદ કરી વિભાગ – B તૈયાર કરવો. પ્રશ્નબેંકમાં આપેલ વિભાગ – B ના પ્રશ્નોમાંથી કોઇપણ પાંચ પ્રશ્નો પસંદ કરી પ્રશ્નપત્રનો વિભાગ – B તૈયાર કરવાનો રહેશે. આમ, કુલે 05 પ્રશ્નો – પ્રત્યેકના બે ગુણ (વિભાગ – B પાંચ પ્રશ્નો - દશ ગુણ)

→ **વિભાગ – C** – ત્રણ ગુણના બે પ્રશ્નો પસંદ કરી વિભાગ – C તૈયાર કરવો. પ્રશ્નબેંકમાં આપેલ વિભાગ – c ના પ્રશ્નોમાંથી કોઇપણ બે પ્રશ્નો પસંદ કરી પ્રશ્નપત્રનો વિભાગ – C તૈયાર કરવાનો રહેશે. – પ્રત્યેકના ત્રણ ગુણ (વિભાગ – C બે પ્રશ્નો - છ ગુણ)

→ **વિભાગ – D** – ચાર ગુણનો એક જ પ્રશ્ન પસંદ કરી વિભાગ – D તૈયાર કરવો. પ્રશ્નબેંકમાં આપેલ વિભાગ – D ના પ્રશ્નોમાંથી કોઇપણ એક પ્રશ્ન પસંદ કરી પ્રશ્નપત્રનો વિભાગ – D તૈયાર કરવાનો રહેશે. – પ્રત્યેકના ચાર ગુણ (વિભાગ – D એક પ્રશ્ન - ચાર ગુણ)

(B) પ્રશ્નપત્ર પ્રશ્નબેંકમાંથી જ તૈયાર કરવાનું રહેશે. સઘળું પ્રશ્નપત્ર એક જ યુનિટમાંથી તૈયાર ન કરતા માસવાર આયોજનના એકમોને ધ્યાને રાખીને પ્રશ્નો પસંદ કરવાના રહેશે.

(C) પ્રશ્નબેંકમાંથી પસંદ કરેલા પ્રશ્નોને વર્ગખંડમાં બોલીને, બ્લેકબોર્ડ પર લખીને કે પ્રિન્ટેડ સ્વરૂપે શાળાએ પોતાની અનુકૂળતા મુજબ આયોજન કરવાનું રહેશે.

(D) અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં ભણાવતી શાળાઓને જો કોઇ ભાષાદોષ કે જોડણી ભૂલ જણાય તો માધ્યમના પાઠ્યપુસ્તકને જ ધ્યાને રાખવાનું રહેશે.

(E) પ્રશ્નબેંકમાં કોઇ જોડણી, ભાષા-દોષ જણાય તો પાઠ્યપુસ્તકને ધ્યાને રાખી સ્થાનિક કક્ષાએ સુધારો કરી શકાશે

(F) વિષય શિક્ષક દ્વારા તમામ કસોટીનું સમયસર મૂલ્યાંકન કર્યા બાદ જરૂર જણાય તો વિદ્યાર્થીઓનું નિદાનકાર્ય હાથ ધરવાનું રહેશે.

.......................................................................................................

docs.aglasem.com
aglasem.com

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## (01) ગુજરાતી (FL)

ધોરણ-10 **પ્રશ્નબેંક–4 (ડિસેમ્બર 2022)** તા. 07/12/2022

**પ્રકરણ : 13, 14, 15, 16, 17, 18 + વ્યાકરણ : એકમ – 3, 4 + લેખન :**

**નીચે આપેલી પ્રશ્નબેંકમાંથી સૂચના મુજબ કુલ 25 ગુણની કસોટી તૈયાર કરી શાળાએ પોતાની રીતે કસોટી લેવાની રહેશે.**

## વિભાગ – A (ગદ્ય વિભાગ)

**(અ) નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : (ગમે તે એક)** **[02]**

| કૃતિ | | કર્તા |
|---|---|---|
| (1) જન્મોત્સવ | (અ) | પન્નાલાલ પટેલ |
| (2) ગતિભંગ | (બ) | સુરેશ જોષી |
| | (ક) | મોહનલાલ પટેલ |

**અથવા**

| કૃતિ | | પ્રકાર |
|---|---|---|
| (1) ભૂખથીય ભૂંડી ભીખ | (અ) | નિબંધ |
| (2) જન્મોત્સવ | (બ) | નવલકથાખંડ |
| | (ક) | નવલિકા |

**અથવા**

| પાત્ર | | ઉક્તિ |
|---|---|---|
| (1) ડુંગરની પત્ની | (અ) | તમારું છે ને તમેને આપીએ છીએ, એમાં ધર્માદા જેવું કંઈ જ નથી. |
| (2) સુંદરજી શેઠ | (બ) | ભૂખથીય ભૂંડી ભીખ છે. |
| | (ક) | આપણી બબલીની જ પગલી જાણે ! |

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે)** **[02]**

(1) 'જન્મોત્સવ' પાઠમાં લેખક શું કહેવા માંગે છે ?

(2) કાળુ માને છે કે જગતમાં સૌથી ખરાબ બાબત કઈ છે ?

(3) ફગફગિયો દીવો બુઝાઈ જવાની સાથે બીજી કઈ ઘટના બની ?

(4) ડુંગરે પોતાની નજર ક્યાં સ્થિર કરી ?



docs.aglasem.com
aglasem.com

(5) 'ભૂખથીય ભૂંડી ભીખ' ગદ્યપાઠ લેખકના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યો છે ?

(6) સદાવ્રતમાં અનાજ લેવા કોણ-કોણ ઊભા હતા ?

(7) 'જન્મોત્સવ' પાઠ લેખકના કયા વાર્તાસંગ્રહમાંથી લેવામાં આવ્યો છે ?

(8) ડુંગરની પત્નીના હૈયે શું જડાઈ ગયું છે ?

(9) મોડું થતાં ગાડી ન પકડી શકાય તો ડુંગરને શી ચિંતા હતી ?

(10) પન્નાલાલ પટેલને સાહિત્યનો કયો સર્વોચ્ચ ઍવોર્ડ એનાયત થયો છે ?

**(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો : (ગમે તે એક)** [02]

(1) અસિતે કૃષ્ણજન્મની કઈ તરકીબ રચી હતી તે જણાવો.

(2) "લ્યો હેંડો, હવે પગ ઉપાડો ઝટ, ગાડી ચૂકી જઈશું." તેમ ડુંગરની પત્નીએ શા માટે કહ્યું ?

(3) સુંદરજી શેઠ વિશે પાંચ વાક્યો લખો.

(4) કાનજી અને દેવજી બાળકને લઈને ક્યાં જતા હતા ? શા માટે ?

(5) કાળુએ સિપાઈને શું સંભળાવ્યું ? કાળુના શબ્દો શું સૂચવે છે ?

**(ડ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો : (ગમે તે એક)** [03]

(1) પુત્રી ખોયાની માતા-પિતાની વેદના 'ગતિભંગ' પાઠને આધારે તમારા શબ્દોમાં લખો.

(2) 'ભૂખથીય ભૂંડી ભીખ' પાઠને આધારે કાળુનું પાત્રાલેખન કરો.

(3) નવજાત બાળકની કરુણતાને તમારા શબ્દોમાં આલેખો.

(4) 'જન્મોત્સવ'માં કઈ બે વિરોધી સ્થિતિનું નિર્માણ થયું છે ?

(5) 'ભૂખથીય ભૂંડી ભીખ' પાઠને આધારે દુકાળની ભયાનકતા તમારા શબ્દોમાં વર્ણવો.

## વિભાગ – B (પદ્ય વિભાગ)

**(અ)નીચેનાં જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો : (ગમે તે એક)** [02]

| કૃતિ | | કર્તા |
|---|---|---|
| (1) વતનથી વિદાય થતાં | (અ) | ગની દહીંવાલા |
| (2) બોલીએ ના કાંઈ | (બ) | જયંત પાઠક |
| | (ક) | રાજેન્દ્ર શાહ |

**અથવા**

| કૃતિ | | પ્રકાર |
|---|---|---|
| (1) દિવસો જુદાઈના જાય છે. | (અ) | ગીત |
| (2) વતનથી વિદાય થતાં | (બ) | સૉનેટ |
| | (ક) | ગઝલ |



docs.aglasem.com
aglasem.com

**(બ) નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : (ગમે તે બે)** [02]

(1) કવિને શાની ભ્રમણા થાય છે ?

(2) વતનથી વિદાય થતાં કવિ શું અનુભવે છે ?

(3) કવિને સ્વજન સુધી કોણ લઈ જશે ?

(4) વતનથી વિદાય થતાં કવિ શેનાથી દૂર થઈ રહ્યા છે ?

(5) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ શું કરવાનું કહે છે ?

(6) 'દિવસો જુદાઈના જાય છે' કાવ્યમાં કવિને ક્યાં સુધી જવું હતું ?

(7) ગરીબ સ્ત્રીની ચૂંદડી ક્યાં સુધી સાથે રહે છે ?

(8) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં બીજા લોકો શામાંથી આનંદ મેળવે છે ?

(9) પ્રાણમાં જલન હોય તોય કવિ શું ધારવાનું કહે છે ?

(10) કવિના જણાવ્યા મુજબ આપણી વ્યથા અન્યને માટે કેવી હોય છે ?

**(ક) નીચે આપેલા પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો : (ગમે તે એક)** [02]

(1) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ આપણી વ્યથામાંથી કેવી રીતે રસ્તો કાઢવાનું કહે છે ?

(2) 'દિવસો જુદાઈના જાય છે' કાવ્યમાં કવિ કઈ અરજ કરે છે ?

(3) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ આપણને શાંત રહેવાની શીખ શા માટે આપે છે ?

(4) ઈશ્વરે કવિ પર શી કૃપા કરી ?

(5) કવિના પગ આગળ જવા માંડ-માંડ શા માટે ઉપડે છે ?

**(ડ) નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો : (ગમે તે એક)** [03]

(1) વતનથી વિદાય થતાં કવિની વેદના તમારા શબ્દોમાં વર્ણવો.

(2) 'બોલીએ ના કાંઈ' કાવ્યમાં કવિ માણસને શો જીવનબોધ આપે છે ?

(3) 'દિવસો જુદાઈના જાય છે' ગઝલમાં કવિની મનઃસ્થિતિનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

(4) "આઘે ખેતર જોઉં બે કર કરી ઊંચા મને વારતી,
એ મારી ભ્રમણા ? રિસાળ શિશુને બોલાવતી બા હતી !" – કાવ્યપંક્તિઓને સમજાવો.

(5) "ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી;
અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી." – કાવ્યપંક્તિઓ સમજાવો.

docs.aglasem.com



aglasem.com

## વિભાગ – C (વ્યાકરણ વિભાગ)

**(અ)નીચેનામાંથી કોઈપણ એક કર્તરિ વાક્ય બનાવો :** **[01]**

(1) ડુંગરથી આકાશ સામે જોવાયું.

(2) ડુંગરની પત્નીથી આંગળીનો છેડો છેક જમીન પાસે લઈ જવાયો.

(3) કિસનથી એકાએક હસી પડાયું.

(4) કાનજીથી વેલજી ડોસાના છાપરે પહોંચાયું.

(5) શાહુકારો દ્વારા ગરીબ અને અજ્ઞાની રાનીપરજ ખેડૂતોનું શોષણ કરવામાં આવતું હતું.

**(બ)નીચેનામાંથી કોઈપણ એક પ્રેરક વાક્યરચના બનાવો :** **[01]**

(1) અંકિતે નંદા નામની યુવતી સાથે લગ્ન કર્યા.

(2) કૃષ્ણકુંવરે શણગાર સજ્યો.

(3) કાળુએ ન બોલવાના સોગન ખાધા.

(4) દીકરીએ ચોખા દળ્યા.

(5) ડુંગર સ્ટેશન તરફ ચાલ્યો.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક અલંકાર ઓળખાવો :** **[01]**

(1) મુઠી ચણા કે ધાણી, ઝરણાનું મીઠું પાણી.

(2) દેવા, છોરો તો છે હાવ કિસન ભગવાન જેવો.

(3) પાણીમાં પડતાં પગલાંનો ડબ-ડબ અવાજ સંભળાયો.

(4) આપણી બબલીની જ પગલી જાણે !

(5) માણેકની ચીસ એમની પાછળ દોડતી-દોડતી આગળ ચાલી.

## વિભાગ – D (અર્થગ્રહણ અને લેખન વિભાગ)

**(અ)નીચેનામાંથી કોઈ એકનો માગ્યા મુજબ ઉત્તર આપો :** **[04]**

(1) નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજાભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.

જગતમાં આપણે જે સ્થિતિમાં હોઈએ તે સ્થિતિ કંઈ આપણે જાતે લીધી નથી. એ તો એક નાટકના વેશ જેવું છે. આપણું કામ એ નથી કે આપણો વેશ અમુક જાતનો શા માટે ? આપણું કામ એટલું જ છે, કે જેવો વેશ આપણા ભાગે આવ્યો હોય તેવો યથાર્થ ભજવવો. તે યથાર્થ ભજવાય એટલામાં જ આપણને માન છે, આપણા જીવ્યાનું સાર્થક્ય છે. કામ કરવાથી શરીર દૃઢ થાય છે અને મનના ઉત્તમ ગુણો ખીલી નીકળે છે. તો કામને કોઈએ કદી પણ હલકું ગણવું નહીં. આપણે એમ સમજતા હોઈએ કે આ કામ આપણું નથી, આપણે તે ના કરી શકીએ, તો તે આપણી ભૂલ છે. જેમ શરીર કસાશે ને મનને કામ કરવાની છૂટ આવશે તેમ સર્વ પ્રકારનું સુખ પેદા થશે. નવરાં બેઠાં નખ્ખોદ વાળવાનો સમય નહીં મળે ને સુખી થવાશે.



docs.aglasem.com
aglasem.com

(2) નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો :

"કાયા છે માટી સમી, ઘડિયે તેમ ઘડાય;

કંચન એ ત્યારે બને, જેમ કસોટી થાય."

(3) તમારી શાળામાં યોજાયેલ 'રમતોત્સવ'નો અહેવાલ આશરે પચાસ શબ્દોમાં લખો.

(4) નીચે આપેલા મુદ્દાઓનો ઉપયોગ કરીને આશરે સો શબ્દોમાં નિબંધ લખો :

હું માનવી માનવ થાઉં તો ઘણું

**મુદ્દા :** પ્રસ્તાવના – વિશ્વની આજની સ્થિતિ – માનવ ઇચ્છાઓનું પોટલું – સામાન્ય માનવીની સ્થિતિ – વિશ્વમાનવીની ભાવના – માનવતા – વિશ્વમાનવીનો વ્યવહાર – ઉપસંહાર

(5) નીચેઆપેલા મુદ્દાઓનો ઉપયોગ કરી આશરે સો શબ્દોમાં નિબંધ લખો.

પિતૃ પ્રેમ :

**મુદ્દા :** પ્રસ્તાવના – પિતાનું મહત્વ – સંતાનોના ઘડતરમાં પિતાનો ફાળો – પિતાનું સ્થાન અને માન – સંઘર્ષનો પર્યાય પિતા – ઉપસંહાર



docs.aglasem.com
aglasem.com

# Sample Papers

- CBSE Sample Papers
- ICSE / ISC Board Sample Papers
- AP Board Sample Papers
- Assam Board Sample Papers
- Bihar Board Sample Papers
- Chhattisgarh Board Sample Papers
- Goa Board Sample Papers
- Gujarat Board Sample Papers
- Haryana Board Sample Papers
- HP Board Sample Papers
- J&K State Board Sample Papers
- Jharkhand Board Sample Papers
- Karnataka Board Sample Papers
- Kerala Board Sample Papers

# Sample Papers

- MP Board Sample Papers
- Maharashtra Board Sample Papers
- Manipur Board Sample Papers
- Mizoram Board Sample Papers
- Orissa Board Sample Papers
- Punjab Board Sample Papers
- Rajasthan Board Sample Papers
- Tamil Nadu Board Sample Papers
- Telangana State Board Sample Papers
- Tripura Board Sample Papers
- UP Board Sample Papers
- Uttarakhand Board Sample Papers
- West Bengal Board Sample Papers